# જર્મનીનો આઈવરી કોસ્ટ સામે 2-1થી રોમાંચક વિજય

**ઉન્ડાવના** બે ગોલસ જર્મનીએ નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કર્યો



ટોરંટો, તા. 21 (એપી): શનિવારે રમાયેલી રોમાંચક મેચમાં જર્મનીએ આઈવરી કોસ્ટને 2-1થી હરાવીને વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. સેકન્ડ હાફમાં સબસ્ટિટ્યુટ તરીકે મેદાન પર આવેલા ડેનિઝ ઉન્ડાવે શાનદાર પ્રદર્શન કરતા બે ગોલ ફટકારીને જર્મનીની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચાર વખતની ચેમ્પિયન જર્મનીની ટીમ વર્ષ 2018 અને 2022માં ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી, પરંતુ આ જીત સાથે તે આગળના રાઉન્ડમાં પહોંચી ગઈ છે.

મેચની 30મી મિનિટે આઈવરી કોસ્ટના કેપ્ટન ફ્રેન્ક કેસીએ શાનદાર ગોલ કરીને પોતાની ટીમને 1-0ની લીડ અપાવી હતી. જર્મની માટે ફર્સ્ટ હાફ ખૂબ જ નિરાશાજનક રહ્યો હતો, કારણ કે તેમના બે ગોલ ફાઉલના કારણે રદ કરવામાં આવ્યા હતા.

જોકે, સેકન્ડ હાફમાં જર્મનીએ જોરદાર વાપસી કરી હતી. મેચના 68મી મિનિટે નાદિએમ અમીરીના પાસ પર ડેનિઝ ઉન્ડાવે ગોલ કરીને સ્કોર 1-1થી બરાબર કર્યો હતો. ત્યારબાદ મેચ પૂરી થવાના વધારાના સમયમાં (સ્ટોપેજ ટાઈમમાં) ફેલિક્સ ન્મેચાના પાસ પર ઉન્ડાવે બીજો ગોલ કરીને જર્મનીને 2-1થી યાદગાર જીત અપાવી હતી. આઈવરી કોસ્ટ હજુ પણ નોકઆઉટ સ્ટેજની રેસમાં બનેલી છે.



# કુરાકાઓએ એક્વાડોરને 0-0થી ડ્રો પર રોક્યું

**કુરાકાઓના** ગોલકીપર એલોય રૂમે એક જ મેચમાં 15 ગોલ બચાવવાનો રેકોર્ડ બનાવ્યો

**વર્લ્ડકપના** સૌથી નાના દેશ કુરાકાઓએ પોતાનો પ્રથમ પોઈન્ટ મેળવ્યો

**આ પરિણામ** સાથે જર્મની નોકઆઉટ સ્ટેજમાં પહોંચ્યું

કન્સાસ સિટી, તા. 21 (એપી): શનિવારે રાત્રે રમાયેલી વર્લ્ડકપ મેચમાં કેરેબિયન દેશ કુરાકાઓએ એક્વાડોરના સતત હુમલાઓ સામે મેચને 0-0થી ડ્રો રાખીને વર્લ્ડકપના ઇતિહાસમાં પોતાનો પહેલો પોઇન્ટ મેળવ્યો છે.

કુરાકાઓની આ ઐતિહાસિક સફળતાનો અસલી હીરો તેમનો 37 વર્ષીય ગોલકીપર એલોય રૂમ રહ્યો હતો, જેણે એક્વાડોરના પ્રચંડ આક્રમણ સામે રેકોર્ડ 15 શાનદાર બચાવ (સેવ્સ) કર્યા હતા. આ ડ્રો પરિણામના કારણે જર્મનીની ટીમ ગ્રુપ-Eમાંથી નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થઈ ગઈ છે.

મેચ દરમિયાન એક્વાડોરની ટીમે કુરાકાઓના 10 શોટ્સ સામે કુલ 27 શોટ્સ ફટકાર્યા હતા. મેચની શરૂઆતી મિનિટોમાં જ એક્વાડોરના સ્ટાર ખેલાડી એનર વેલેન્સિયાને ગોલ કરવાની સુવર્ણ તક મળી હતી, પરંતુ રૂમે ડાબી તરફ ડાઇવ લગાવીને શાનદાર બચાવ કર્યો હતો. રૂમે કરેલા 15 બચાવમાંથી 10 બચાવ બોક્સની અંદરથી મારવામાં આવેલા શોટ્સ પર હતા.

વર્લ્ડ કપના ઇતિહાસમાં વર્ષ 1966 પછી એક્સ્ટ્રા ટાઇમ વગર એક જ મેચમાં સૌથી વધુ બચાવ કરવાનો રેકોર્ડ હવે એલોય રૂમના નામે નોંધાઈ ગયો છે. આ મેચ જોવા માટે નેધરલેન્ડ્સના કિંગ વિલેમ-એલેક્ઝાન્ડર અને ક્વીન મેક્સિમા પણ સ્ટેડિયમમાં હાજર રહ્યા હતા.

# જાપાને ટ્યુનિશિયાને 4-0થી કચડ્યું

**ફિફા** વર્લ્ડકપની 1000મી મેચમાં જાપાને પોતાનો વર્લ્ડકપનો સૌથી મોટો વિજય નોંધાવ્યો

**ઉએદાનાએ** બે ગોલ કર્યા



મોન્ટેર્રે (મેક્સિકો), તા. 21 (એપી): રવિવારે રમાયેલી ગ્રુપ-Fની મેચમાં જાપાને ટ્યુનિશિયાને 4-0થી હરાવીને સતત ચોથી વખત વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં પહોંચવા તરફ મજબૂત કદમ વધાર્યા છે.

પુરુષોના વર્લ્ડકપ ઈતિહાસની આ 1,000મી ઐતિહાસિક મેચ હતી, જેમાં જાપાને વર્લ્ડકપના ઈતિહાસમાં પોતાનો સૌથી મોટો વિજય નોંધાવ્યો છે. આ જીત સાથે જાપાનના હવે 4 પોઈન્ટ થઈ ગયા છે અને તે નેધરલેન્ડ્સની બરાબરી પર પહોંચી ગયું છે, જ્યારે સતત બીજી હાર સાથે ટ્યુનિશિયાની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

મેચની શરૂઆતથી જ જાપાને પ્રભુત્વ મેળવી લીધું હતું. 4મી મિનિટે ડાઈચી કામાડાએ જાપાનના વર્લ્ડકપ ઈતિહાસનો સૌથી ઝડપી ગોલ કરીને ટીમને 1-0ની લીડ અપાવી હતી. ત્યારબાદ 31મી મિનિટે આયાસે ઉએદાએ બોક્સની બહારથી શાનદાર શૉટ મારીને સ્કોર 2-0 કર્યો હતો.

સેકન્ડ હાફમાં પણ જાપાનનું આક્રમણ ચાલુ રહ્યું હતું. 69મી મિનિટે જુન્યા ઈતોએ ટીમના આસિસ્ટ પર ત્રીજો ગોલ કર્યો હતો. મેચના અંત ભાગમાં 83મી મિનિટે ઉએદાએ શાનદાર હેડર વડે પોતાનો બીજો અને ટીમનો ચોથો ગોલ ફટકારીને જાપાનને 4-0 થી શાનદાર જીત અપાવી હતી. હવે આગામી ગુરુવારે જાપાનનો મુકાબલો સ્વીડન સામે અને ટ્યુનિશિયાનો મુકાબલો કન્સાસ સિટીમાં નેધરલેન્ડ્સ સામે થશે.

### ફિફા વર્લ્ડકપમાં આજની મેચો

| | | |
|---|---|---|
| બેલ્જિયમ વિ. ઈરાન | 22 જૂન | મધરાતે 12:30 વાગ્યે |
| ઉરુગ્વે વિ. કેપ વર્ડે | 22 જૂન | મધરાતે 3:30 વાગ્યે |
| ન્યુઝીલેન્ડ વિ. ઇજિપ્ત | 22 જૂન | વહેલી સવારે 6:30 વાગ્યે |
| આર્જેન્ટિના વિ. ઓસ્ટ્રિયા | 22 જૂન | રાત્રે 10:30 વાગ્યે |
| ફ્રાન્સ વિ. ઇરાક | 23 જૂન | મધરાતે 2:30 વાગ્યે |
| નોર્વે વિ. સેનેગલ | 23 જૂન | સવારે 5:30 વાગ્યે |

# નેધરલેન્ડ્સનો સ્વીડન સામે 5-1થી શાનદાર વિજય

**બ્રોબી** અને ગેક્પોના બે-બે ગોલ, નેધરલેન્ડ્સ ગ્રુપ F માં ટોચ પર પહોંચ્યું



હ્યુસ્ટન, તા. 20 (એપી): શનિવારે રમાયેલી ફિફા વર્લ્ડકપ મેચમાં બ્રાયન બ્રોબી અને કોડી ગેક્પોના શાનદાર બે-બે ગોલની મદદથી નેધરલેન્ડ્સે સ્વીડનને 5-1થી હરાવ્યું છે. જાપાન સામેની પ્રથમ મેચ 2-2થી ડ્રો રહ્યા બાદ, ડચ ટીમે આ ધમાકેદાર જીત સાથે વાપસી કરીને ગ્રુપ-Fના પોઈન્ટ ટેબલમાં 4 પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવી લીધું છે. બીજી તરફ, ટૂર્નામેન્ટની પ્રથમ મેચ જીતનાર સ્વીડનની વર્લ્ડકપના ઈતિહાસમાં વર્ષ 1950 પછીની આ સૌથી મોટી હાર છે.

નેધરલેન્ડ્સે મેચની શરૂઆતથી જ દબદબો બનાવી રાખ્યો હતો. મેચના 5મી મિનિટે કોડી ગેક્પોના પાસ પર બ્રાયન બ્રોબીએ પહેલો ગોલ કરીને ટીમને 1-0ની લીડ અપાવી હતી. ત્યારબાદ 17મી મિનિટે ડેન્ઝેલ ડમફ્રિઝના પાસ પર બ્રોબીએ સ્લાઈડ કરીને પોતાનો બીજો ગોલ નોંધાવ્યો હતો. સેકન્ડ હાફ શરૂ થતાંની સાથે જ 47મી મિનિટે ગેક્પોએ ગોલ કરીને સ્કોર 3-0 કર્યો હતો અને 54મી મિનિટે તેણે ટીમ માટે ચોથો ગોલ પણ ફટકાર્યો હતો.

સ્વીડન તરફથી 59મી મિનિટે એન્થોની ઈલાંગાએ એકમાત્ર ગોલ કરીને હારનું અંતર ઓછું કર્યું હતું. નેધરલેન્ડ્સના ગોલકીપર બાર્ટ વર્બ્રુગેને ફર્સ્ટ હાફમાં ચાર શાનદાર બચાવ કરીને સ્વીડનને સ્કોર કરતા રોક્યું હતું. મેચના અંતમાં 89મી મિનિટે ક્રિસેન્સિયો સમરવિલે વધુ એક ગોલ કરીને નેધરલેન્ડ્સને 5-1 થી ભવ્ય વિજય અપાવ્યો હતો.

# બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો ન્યુઝીલેન્ડ સામે કારમો પરાજય

**ઈંગ્લેન્ડને** 209 રનમાં ઓલઆઉટ કરી ન્યૂઝીલેન્ડે 253 રનથી મેચ જીતી

**મેટ હેનરીએ** પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી ઈનિંગમાં 6 જ્યારે મેચમાં કુલ 11 વિકેટ ઝડપી

**હેનરીએ** 31 બોલમાં 3 રન આપીને 5 વિકેટ લીધી



લંડન, તા. 21 (એપી): રવિવારે ધ ઓવલ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચના પાંચમા અને અંતિમ દિવસે ન્યુઝીલેન્ડે ઈંગ્લેન્ડને માત્ર 209 રનમાં ઓલઆઉટ કરીને 253 રનથી કારમો પરાજય આપ્યો છે. લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડની જીત બાદ ન્યુઝીલેન્ડે આ મેચ જીતીને સિરીઝ 1-1થી બરાબર કરી લીધી છે. હવે સિરીઝની નિર્ણાયક મેચ આગામી ગુરુવારથી નોટિંગહામમાં શરૂ થશે.

463 રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરતા ઈંગ્લેન્ડે છેલ્લા દિવસે 5 વિકેટે 182 રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું, પરંતુ ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર મેટ હેનરીએ તરખાટ મચાવતા ઈંગ્લેન્ડની છેલ્લી પાંચેય વિકેટ ઝડપી લીધી હતી. હેનરીએ માત્ર 31 બોલમાં 3 રન આપીને 5 વિકેટ લેવાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે આ ઈનિંગમાં 29 રન આપીને 6 વિકેટ અને મેચમાં કુલ 109 રન આપીને 11 વિકેટ ઝડપી હતી. પોતાની 35મી ટેસ્ટમાં તેણે પ્રથમ વખત મેચમાં 10 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે.

ઈંગ્લેન્ડ તરફથી જો રૂટ ગઈકાલના સ્કોરમાં માત્ર બે રન ઉમેરીને 77 રને હેનરીનો શિકાર બન્યો હતો, જેની સાથે જ ઈંગ્લેન્ડની જીતની આશા સમાપ્ત થઈ ગઈ હતી. હેનરી ઉપરાંત કાયલ જેમિસને પણ મેચમાં 4 વિકેટ ઝડપી હતી. જ્યારે ન્યુઝીલેન્ડ તરફથી પ્રથમ ઈનિંગમાં ગ્લેન ફિલિપ્સે અને બીજી ઈનિંગમાં હેનરી નિકોલ્સે સદી ફટકારીને આ જીતનો પાયો નાખ્યો હતો.

### હેનરી ઈંગ્લેન્ડમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કીવી બોલર બન્યો

મેટ હેનરીએ ઈંગ્લેન્ડની ધરતી પર કોઈપણ કીવી બોલર દ્વારા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાના પૂર્વ ઓલરાઉન્ડર ડિયોન નેશના રેકોર્ડને તોડી નાખ્યો છે. હેનરીનું 11/109નું પ્રદર્શન હવે ઈંગ્લેન્ડમાં કોઈપણ ન્યુઝીલેન્ડના બોલરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

- મેટ હેનરી વર્ષ 2005ની ઐતિહાસિક એશેઝ સિરીઝમાં શેન વોર્ન પછી ધ ઓવલ ખાતે મેચમાં 10 કે તેથી વધુ વિકેટ ઝડપનારા વિશ્વનો પ્રથમ બોલર બન્યો છે. આ ઉપરાંત, વર્ષ 1994માં ડેવોન માલ્કમ પછી આ મેદાન પર 10 વિકેટ હોલ (મેચમાં 10 વિકેટ) લેનાર તે પ્રથમ ફાસ્ટ બોલર પણ બન્યો છે.

**ઇંગ્લેન્ડમાં ન્યુઝીલેન્ડના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ પ્રદર્શન કરનારા ટોપ 5 બોલર**

| બોલર | પ્રદર્શન | સ્થળ |
|---|---|---|
| મેટ હેનરી | 11/109 | (ઓવલ, 2026) |
| ડિયોન નેશ | 11/169 | (લોર્ડ્સ, 1994) |
| ટિમ સાઉદી | 11/208 | (લોર્ડ્સ, 2013) |
| જેક કાઉવી | 10/140 | (લોર્ડ્સ, 1937) |
| સર રિચર્ડ હેડલી | 10/140 | (નોટિંગહામ, 1986) |

# ત્રિકોણીય સિરીઝની ફાઈનલમાં ઈન્ડિયા-Aનો શ્રીલંકા-A સામે ભવ્ય વિજય

**ત્રિકોણીય** સિરીઝની ફાઈનલમાં વૈભવ સૂર્યવંશીએ 29 બોલમાં 94 રન ફટકાર્યા

**વૈભવે** 11 બોલમાં અર્ધસદી ફટકારી લિસ્ટ-A ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીનો 21 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

**ભારત**-એના 377 રનની સામે શ્રીલંકા-એ 311 રન બનાવી ઓલઆઉટ થઈ



દામ્બુલા, તા. 21 (પીટીઆઈ): રવિવારે રમાયેલી ટ્રાઈ-સિરીઝની ફાઈનલ મેચમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 29 બોલમાં 94 રનની તોફાની ઈનિંગ રમીને ઈન્ડિયા-Aને શ્રીલંકા-A સામે 66 રને ભવ્ય વિજય અપાવ્યો છે.

બિહારના સમસ્તીપુરના આ 15 વર્ષીય ખેલાડીએ મેચમાં માત્ર 11 બોલમાં અડધી સદી ફટકારીને લિસ્ટ-A ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીનો 21 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. સૂર્યવંશીની આ વિસ્ફોટક ઈનિંગની મદદથી ઈન્ડિયા A ટીમે 9 વિકેટે 377 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમને સૂર્યવંશી અને પ્રિયાંશ આર્યાએ (39 રન) ઓપનિંગ પાર્ટનરશિપમાં 132 રન જોડીને મજબૂત શરૂઆત અપાવી હતી. સૂર્યવંશીએ પોતાની ઈનિંગ દરમિયાન 5 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. ત્યારબાદ કેપ્ટન તિલક વર્માએ 67 રનની ઈનિંગ રમીને સ્કોરને સ્થિરતા આપી હતી, જ્યારે અનુકૂલ રોય (39 રન) અને વિપ્રાજ નિગમે (27 રન) અંતિમ ઓવરોમાં ઝડપી રન બનાવ્યા હતા.

378 રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકા-Aની ટીમ 311 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. યજમાન ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને પ્રથમ 10 ઓવરમાં માત્ર 75 રનમાં તેમની 3 વિકેટ પડી ગઈ હતી. શ્રીલંકા તરફથી વનુજ સહાને સૌથી વધુ 62 રન અને સદીરા સમરવિક્રમાએ 52 રન બનાવ્યા હતા. ભારત તરફથી ફાસ્ટ બોલર યશ ઠાકુરે 3/45 અને સ્પિનર વિપ્રાજ નિગમે 3/60 વિકેટ ઝડપી હતી.

# ભારતીય મહિલા ટીમે દ. આફ્રિકાને આપ્યો 159 રનનો લક્ષ્યાંક

મેન્ચેસ્ટર, તા. 21 (પીટીઆઈ): મેન્ચેસ્ટર ખાતે રમાઈ રહેલા મહિલા T-20 વર્લ્ડકપમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતે પ્રથમ બેટિંગ કરતા 158/7 રન બનાવ્યા છે. બેવડી ગતિ ધરાવતી વિકેટ પર ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. દીપ્તિ શર્માએ 29 રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરે 24 રનની મહત્વની ઈનિંગ્સ રમી હતી. ભારત એક સમયે 54 રને કોઈ વિકેટ ગુમાવ્યા વગર મજબૂત સ્થિતિમાં હતું, પરંતુ નબળી શોટ સિલેક્શનના કારણે માત્ર 83 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી બંને વરિષ્ઠ ખેલાડીઓએ પાંચમી વિકેટ માટે 33 રનની ભાગીદારી કરીને ઈનિંગ્સને સ્થિર કરી હતી.

ઓપનર સ્મૃતિ મંધાના 12 બોલમાં 17 રન બનાવીને મારીઝાન કેપનો શિકાર બની હતી, જેમાં તેણે શબનિમ ઈસ્માઈલ સામે સતત 2 ચોગ્ગા ફટકાર્યા હતા. શેફાલી વર્માએ વિસ્ફોટક બેટિંગ કરતા 15 બોલમાં 31 રન બનાવ્યા, જેમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતો.

### હરમનપ્રીત 200 ટી-20 રમનાર પ્રથમ ક્રિકેટર બની

હરમનપ્રીત કૌર સાઉથ આફ્રિકા સામેની વર્લ્ડકપ મેચ દરમિયાન 200 ટી-20 ઇન્ટરનેશનલ મેચ રમનાર વિશ્વની પ્રથમ ક્રિકેટર (મહિલા અને પુરુષ બંનેમાં) બની ગઈ છે. વર્ષ 2009માં ડેબ્યૂ કરનાર હરમનપ્રીતને આ પ્રસંગે ખાસ જર્સી અને કેપ આપવામાં આવી હતી.

### મહિલા ખેલાડીઓની ટી-20 મેચોની સંખ્યા

| ખેલાડી | મેચોની સંખ્યા |
|---|---|
| હરમનપ્રીત કૌર, ભારત | 200 |
| સુઝી બેટ્સ, ન્યુઝીલેન્ડ | 184 |
| ડેની વ્યાટ-હોજ. ન્યુઝીલેન્ડ | 183 |
| એલિસ પેરી, ઓસ્ટ્રેલિયા | 177 |
| સ્મૃતિ મંધાના, ભારત | 169 |

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૫ | ૨ | | ૯ | ૪ | ૧ |
| ૭ | | | | | | | ૫ | ૮ |
| | | ૧ | ૯ | | ૩ | ૨ | ૬ | ૭ |
| | | | ૨ | ૭ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૮ | | | ૧ | ૬ | ૯ | ૭ | ૨ | |
| ૨ | | ૯ | ૪ | | | | ૧ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૩ | | ૨ | | ૭ | |
| | | ૭ | ૮ | ૫ | | | | ૯ |
| | | ૫ | | ૯ | | ૧ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**શરીર પર ગાંઠ**

કુંવાડીઆ ના બીજ ભેગા કરી, થુવર ના દૂધમા ભીંજવવા. બીજ નરમ પડે એટલે ગૌમૂત્ર સાથે વાટી ગાંઠ પર લેપ કરવો.

# ઈંગ્લેન્ડ પ્રવાસ માટે વન-ડે ટીમની જાહેરાત, કોહલીને સામેલ કરાયો

**જોકે કોહલીની** વાપસી તેની ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે

**ગિલ** કેપ્ટન, બુમરાહની વાપસી, જયસ્વાલને પડતો મૂકવામાં આવ્યો



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ): આવતા મહિને ઈંગ્લેન્ડ સામે રમાનારી 3 મેચની વન-ડે સિરીઝ માટે રવિવારે 15 સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીની વાપસી થઈ છે, જોકે તેનો સમાવેશ ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે.

IPL 2026 દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાના કારણે તે અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝ રમી શક્યો ન હતો. ફિટનેસ ટેસ્ટ માટે તે સોમવારે બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ખાતે રિપોર્ટ કરશે.

શુભમન ગિલની કેપ્ટનશીપવાળી આ ટીમમાં અફઘાનિસ્તાન સિરીઝમાં બે સદી ફટકારનાર યુવા બેટ્સમેન યશસ્વી જયસ્વાલને પડતો મૂકવામાં આવ્યો છે, કારણ કે તે કોહલીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં આવ્યો હતો. નિયમ મુજબ મુખ્ય ખેલાડી સાજો થતાં તેને ટીમમાંથી બહાર થવું પડ્યું છે. ટોપ ઓર્ડરમાં ગિલ સાથે રોહિત શર્મા ઓપનિંગ કરશે, જ્યારે વિરાટ કોહલી ત્રીજા નંબરે બેટિંગ કરશે. બેકઅપ ઓપનર તરીકે ઈશાન કિશનને સામેલ કરાયો છે.

બોલિંગ વિભાગમાં જસપ્રિત બુમરાહની વાપસી થઈ છે, જ્યારે હર્ષ દુબેના સ્થાને અનુભવી ઓલરાઉન્ડર અક્ષર પટેલને ટીમમાં સ્થાન મળ્યું છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ વન-ડે મેચ 14 જુલાઈ, 16 જુલાઈ અને 19 જુલાઈએ રમાશે. બીજી તરફ, ઈજાના કારણે વરુણ ચક્રવર્તી આયર્લેન્ડ સામેની T20 સિરીઝમાંથી બહાર થઈ ગયો છે, જ્યાં શ્રેયસ અય્યર ટીમની કેપ્ટનશીપ કરશે.

**ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતની વન-ડે ટીમ:**

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી (ફિટનેસને આધીન), શ્રેયસ અય્યર (વાઇસ-કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), ઇશાન કિશન (સબ.-વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને ગુરનૂર બ્રાર.

**આયર્લેન્ડ સામેની T20 સીરીઝ માટે ભારતની સુધારેલી ટીમ:**

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઇસ-કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઇશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, વૈભવ સૂર્યવંશી અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

## આજનું પંચાંગ

**તા. 22/06/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ : આઠમ : 15:40, દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ:01
**યોગ :** વ્યતિપાત **કરણ:** બાવલ
**નક્ષત્ર :** ઉ.ફા. : 10:23 પછી હસ્ત
**રાશિ :** કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** અયન કારદિન, મંળાક્ષીર ભવાની કાશ્મીર બુધ કર્કમાં : 15:53થી
**સુરતમાં સૂર્યોદય :** 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 6ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ

## આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ):** મહેનતુ ફળ જોવા મળશે. હરીફો અને હતશત્રુઓથી સાવધાન રહેવું. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

**વૃષભ(બ,વ,ઉ):** નવા મિત્રોથી સાવધાન. પ્રેમમાં ગેરસમજ થાય. નવા રોકાણથી લાભ થાય. પરીક્ષામાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ):** સમાજ જીવનમાં સંબંધો મજબુત બને. નવા લોકો સાથે કામ કરવાથી નવુ શિખવા મળે. પ્રવાસ થાય.

**કર્ક (ડ,હ):** પરિવાર-મિત્રો વગેરે સાથેના વિચારીક મતભેદનું નિરાકરણ આવે. સમાજમાં માન વધે. આવક વધારવાની તક.

**સિંહ (મ,ટ):** ઘરમાં તાલમેળ રાખવો. બીજા પર નિરભર રહેવું. નવા અચાનક ખર્ચા આવે. ઘરમાં અશાંતિ પેદા થાય.

**કન્યા (પ,ઠ,ણ):** મહેનતનું ફળ મળે. નોકરીમાં પ્રભાવ વધે. મોજ-શોખ પાછળ ખર્ચા વધશે. મન અશાંત રહે.

**તુલા (ર,ત):** કામકાજમાં એકલા પડવાનો અનુભવ થાય. સાથીઓનો સાથ ઓછો મળે. ખોટા રોકાણથી બચવું.

**વૃશ્ચિક (ન,ય):** પોતાની પ્રતિષ્ઠા સાચવવી. સ્વાર્થી લોકોથી સાવધાન. નવા કામની યોજનામાં મિત્રો પરિવારનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** જાહેર અને સમાજ જીવનમાં યસ મળે. આવક વધારવાની યોજના બને. મોજ શોખના ધંધામાં આવક વધશે.

**મકર (ખ,જ,):** પિતાની ચિંતા સતાવે. લોકોની મદદ મળે. નવું નવું શીખવાની તક મળે. આવક વધારવા માટે મિત્રોનો સાથ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ):** જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. વિલ વારસા વિમા એજન્સીના કામમાં પ્રગતિ થાય. સરકારી યોજનાનો લાભ.

**મીન (દ,ચ,ઝ,થ):** જીવાસાથી સાથે રોજના કામ ધંધામાં આવક વધારવાના રસ્તા મળે. સ્વજનો સાથે મુલાકાત થાય.

### કોઈ પણ સાલમાં 22 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધા-વેપારમાં નવી યોજના અને ટેકનોલોજીનો લાભ મળે. તેમજ નવી પદ્ધતિ પ્રમાણે કામ કરવાથી નવુ શીખવાનું મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરી, કાયદાકીય પ્રશ્નો બાબતે માર્ગદર્શન મળે. ઉંમરલાયકને વિવાહની અનુકુળતા થાય. પ્રેમમાં સહકાર મળે. મિત્રો વડીલોની મદદ સંતાનોના અભ્યાસ કેરીયરમાં મળે. વારસા, જાયદાત, જમીન બાબતે પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. આવક વધારવાની યોજનામા ચડતી પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, રવિ, સોમ, બુધવાર 4,13,22,31 તારીખે નવા કામ કરવા. નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર, શનિ, 7,16,25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. રાહુના ઉપાય કરતા રહેવું.